# શિક્ષણ ક્ષેત્રની ઘોર ખોદનાર ભાજપ સરકારે શિક્ષણ નીતિ અંગે શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દાયકા દરમિયાન શિક્ષણ ક્ષેત્રની ઘોર ખોદી નાખનાર ભાજપ સરકારની ગુનાહિત બેદરકારીના કારણે શિક્ષણ નીતિમાં ગુજરાત સમગ્ર દેશમાં ૪થા ક્રમેથી ૨૨માં ક્રમે ફેંકાઈ ગયું છે. આગામી દસ દિવસમાં ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના પરીણામો સાથે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની હોવા છતાં કોઈ નક્કર આયોજન અને સુવિધા નહીં કરનાર ભાજપ સરકારે વિદ્યાનો વેપલો કરનારી શિક્ષણ નીતિ માટે શ્વેતપત્ર બહાર પાડી પ્રજા સમક્ષ વાસ્તવિકતા રજૂ કરવી જોઈએ તેવી માંગણી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ૨૦મી મે ની આસપાસ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને તે પછી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તેમજ ધોરણ-૧૦ના પરીણામો જાહેર થનાર છે. પરંતુ ગુજરાત સરકાર કે શિક્ષણ બોર્ડ દ્વારા કોઈ છબરડા વિના આ પરિણામો આપવા માટે હજુ સુધી ચોક્કસ આયોજન કરવામાં આવ્યું નથી. પરીણામે માર્કશીટ મેળવવાથી લઈ સ્કૂલ સર્ટીફિકેટ, જ્ઞાતિ પ્રમાણપત્ર અને અન્ય જરૂરી પ્રમાણપત્રો મેળવવા માટે વાલી અને વિદ્યાર્થીઓએ પંદરથી વીસ દિવસ સુધી ભારે હાલાકી વેઠવી પડે છે. એ જ રીતે ધો. ૧૧ના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પ્રવેશ સાથે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરવા માટે સરકારે પ્રવેશ પ્રક્રિયા કે તે અંગેનું માર્ગદર્શન આપવા અત્યાર સુધી કંઈ જ આયોજન કર્યુંનથી. આ ઉપરાંત જે તે શાળા-કોલેજો મારફતે પ્રવેશ ફોર્મ આપવા સહિત માર્ગદર્શન કેન્દ્રો પણ શરૂ કરવા કોઈ જ સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી. આ બાબતે સરકારના શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ બોર્ડને સંકલન કરી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને કોઈ હાલાકી પડે નહીં તેવું નક્કર આયોજન કરવા તેમણે અપીલ કરી છે.

**છેલ્લા બે દસકામાં શિક્ષણના નામે વેપલો કરનાર ભાજપ સરકારનું ગુજરાત મોડેલ શિક્ષણ ક્ષેત્રે ટોપ - ટ્વેન્ટીમાં પણ નજરે પડતું નથી : ડૉ. હિમાંશુ પટેલ**

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં ભાજપે જ્યારથી સત્તા સંભાળી ત્યારથી શિક્ષણનું વેપારીકરણ કરી નાંખવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણથી લઈ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હાથ ઊંચા કરનાર ભાજપ સરકારે છેલ્લા બે દસકાથી શિક્ષણ ક્ષેત્રને કમાણીનું સાધન બનાવી દીધું છે. ભાજપે તેમના મળતીયાઓને સેલ્ફ ફાઈનાન્સ શાળા-કોલેજોની લ્હાણી કરી વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે અસહ્ય ફી લઈ ઉઘાડી લૂંટ ચલાવી છે. શિક્ષણ નીતિમાં કોઈ ચોક્કસ વિઝન અને વિકાસના અભાવે વારેઘડીએ અભ્યાસક્રમો બદલવા છતાં આજે નીટ જેવી પરીક્ષાના મામલે ભારે વિવાદાસ્પદ પરિસ્થિતિ સર્જાઈ છે. ભાજપ સરકારની બોજવાબદાર નીતિ અને બેદરકારીના કારણે આજે ડીગ્રી લઈને બેકાર ફરતા યુવાનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના પરીણામે શિક્ષણ નીતિમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં ૪થા ક્રમેથી ૨૨માં ક્રમે ફેંકાઈ ગયું છે. આ સંજોગોમાં ભાજપ સરકારે પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધી શાળા-કોલેજોની કરેલી ફાળવણી, ફીનું ધોરણ, પ્રવેશ પ્રક્રિયા, ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ માટેની કુલ બેઠકો, શિક્ષકો, પ્રાધ્યાપકો અને સ્ટાફની સંખ્યા વગેરે બાબતે શ્વેતપત્ર બહાર પાડી રાજ્યની પ્રજા સમક્ષ અધોગતિમાં મુકાયેલા શિક્ષણ ક્ષેત્રની વાસ્તવિકતા રજૂ કરવી જોઈએ.

# ...તો બાપના બોલે ૨૦ ટકા ઈબીસી અનામત આપીશુ : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૩

વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો બાપના બોલે ૨૦ ટકા ઈબીસી અનામત ૧૦૦ દિવસમાં આપીશુ એમ જણાવ્યું છે.

જેલમાં બંધ પાસના નેતા હાર્દિક પટેલે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને એક પત્ર લખ્યો હતો તેનો જવાબ આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આપતા જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો બાપના બોલે ૧૦૦ દિવસમાં ૨૦ ટકા ઈબીસી અનામત આપીશુ.

ગુજરાતમાં ભાજપ સરકારે બિન અનામતના લોકોને આપવામાં આવેલી ૧૦ ટકા ઈબીસીને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ લોલીપોપ ગણાવી હતી.

# ધાનેરા નગરપાલિકાતંત્ર બાંધકામના બિલ્ડીંગોની આરટીઆઈની માહિતી આપવા વિલંબ કરતા ભારે રોષ

ધાનેરા, તા. ૧૩

ધાનેરા નગરમાં નગરપાલિકાતંત્ર દ્વારા નવીન બિલ્ડીંગો ઈમારતો અંગેની આરટીઆઈની માહિતી આપવામાં ગલ્લા-તલ્લા કરાતા હોવાની અનેક ફરિયાદોને લઈ અરજાદોરમાં રોષ જોવા મળ્યો છે.

બનાસકાંઠાના ધાનેરાનો વિકાસ કુદકે ને ભૂસકે વધી રહ્યો છે. ત્યારે નવા-નવા શોપીંગ કોમ્પલેક્ષો અને ફલેટો-દુકાનોનું બાંધકામ તમામ નિતિનિયમોને નેવે મુકીને આડેધડ બિલ્ડરો દ્વારા બાંધકામ સમિતિના અધિકારીઓની મીલીભગતથી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે તેવી ફરિયાદો ઉઠવા પામી છે. જેને લઈ સ્થાનિક અરજદારોએ આર.ટી.આઈ. અંગેની વિગતો માંગી છે પરંતુ અધિકારીઓ આ અરજીની માહિતી આપવામાં ભારે અખાડા કરી રહ્યા છે. પરિણામે અરજદારોને મહિનાઓ વિતી ગયા છતા અરજીના જવાબ નથી મળતા ત્યારે અરજદારોમાં આ મામલે ભારે રોષ જોવા મળ્યો છે.

# પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારના રહીશોની પમ્પીંગ સ્ટેશનનું સ્થળ બદલવા માંગ

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ સોસાયટીના રહીશો દ્વારા ગટર લાઈનનું પમ્પીંગ સ્ટેશન બદલવા માટે નગરપાલિકામાં લેખિતમાં અરજી કરી સ્થળ બદલવા માટે રજુઆત કરી હતી.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંતિનાથ સોસાયટી, વૃંદાવન પાર્ક સોસાયટીમાં ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ ના હોવાથી ચોમાસામાં પાણીનો ભરાવો થાય છે. અને જો પમ્પીંગ સ્ટેશન અહીં બનાવવામાં આવે તો તેને પણ કદાચ ચોમાસાના પાણી સાથે મીક્ષ થઈ જાય અને તેના કારણે જીવજંતુ દ્વારા રોગચાળો ફેલાવાની દર વર્ષે સંભાવના છે જેથી આ વિસ્તારના રહીશોને ભયંકર રોગચાળો ફેલાય તેવી ભીતી છે જેથી આ વિસ્તારના સોસાટીના રહીશો દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં ગટર યોજનાની પમ્પીંગ સ્ટેશનની જગ્યા અન્ય સ્થળે બદલવા માટે સોસાયટીના રહીશો દ્વારા લેખિતમાં જાણ કરી અન્ય સ્થળે બદલવા વિનંતી કરવામાં આવી છે.



ગરમીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે ત્યારે બરફની માંગ પણ વધી ગઈ છે.

# આર્થિક અનામત અંગે વટહુકમ બહાર કોંગ્રેસને ખુલ્લો પડકાર

## કોંગ્રેસ તેનું ઘર સંભાળે, ભાજપની ચિંતા કરવાની જરૂર નથી : પાટીદારોને ગુમરાહ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે

અમદાવાદ, તા.૧૩

ભાજપના પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી એ કોંગ્રેસને ખુલ્લો પડકાર આપતા જણાવ્યું હતું કે, જ્યારે ગુજરાતમાં ભાજપની સરકારે બિનઅનામત વર્ગ માટે ૧૦ ટકા આર્થિક ધોરણે અનામત આપી છે ત્યારે પોતાની રાજકીય ગણતરીઓ ઉંધી પડતા કોંગ્રેસ ૨૦ ટકાનું ગાણું ગાય છે. તો કોંગ્રેસ બીજું કઈ નહી તો કોંગ્રેસ શાસિત કોઈપણ એક રાજયમાં ૨૦ ટકા આર્થિક અનામતનો વટહુકમ બહાર પાડી બતાવે. અમે જ્યારે ૧૦ ટકા આર્થિક અનામતની જોગવાઈ કરી છે ત્યારે કોંગ્રેસ ૨૦ ટકાની વાત કરે છે, ૨૦૧૭ની ચૂંટણી જીતવા કોંગ્રેસ પાટીદારોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરી રહી છે. રૂપાણીએ કોંગ્રેસના ૧૦૦ દિવસના વાયદાની યાદ અપાવતા જણાવ્યું હતું કે, મનમોહન સોનિયાની યુપીએ સરકારે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યું હતું. તે ઘટાડવાનું તો દુર રહ્યું, ઉલટું દેશના કરોડો રૂપિયા ભ્રષ્યાચારમાં ચ્યાઉ કરી દેશની તિજોરીની સિલક ઘટાડી દીધી. કોંગ્રેસ જ્યારે જ્યારે દિવસોમાં કરવાની કોંગ્રેસ વાત કરી હતી. આમ જ્યારે કોંગ્રેસ કોઈ બાબત માટે ૧૦૦ દિવસનો વાયદો કરે એટલે શું એ પ્રજા જાણે છે કે એ જુઠ્ઠાણું છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, આંતરિક કલહથી ખદબદતી કોંગ્રેસ પોતાનું ઘર સંભાળે, એને ભાજપની ચિંતા કરવાની જરૂર નથી. જનતાને ખબર છે કે અજુરાહો ઘટના શું હતી શંકરસિંહે ભૂતકાળમાં ભાજપમાં જુથબંધી કરી બળવો કર્યો હતો, કોગ્રેસમાં પણ શંકરસિંહ જુથબંધી કરી રહ્યા છે. પોતાના જુથનો પ્રદેશ પ્રમુખ આવે તે માટે છેક દિલ્હી સુધી રજુઆત કરવા ગયા હતા. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખની સારી નરસી તબિયતના સમાચારો પણ તેમના દ્વારા ફેલાવી પોતાનો માણસ લાવવા ઈચ્છે છે.

હાલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને વિરોધ પક્ષના નેતાને કેવા સંબંધો છે તે સૌ જાણ છે. રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, માત્ર રાજકીય લાભ ખાટવાના હેતુથી પ્રજાને ગુમરાહ કરવાની કોઈ કોશિશ કોંગ્રેસની સફળ થવાની નથી અને ૨૦૧૭માં સત્તા મેળવવાનો ખ્વાબ જ રહેશે. રાજયની જનતા વર્ષોથી કોંગ્રેસની ચાલ અને ચરિત્રને જાણે છે.

# મોડાસામાં કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી બેફામગતીએ દોડતા ભારે વાહનોનો રાફડો

## શહેરના માર્ગો પર સવારે ૫ થી રાતના ૧૧ સુધીના ભારે વાહનો પ્રવેશબંધી છતાં રાત્રીના ૮ વાગ્યાથી બેફામ ગતિએ દોડતા વાહનો નજરે ચઢે છે

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા મેજીસ્ટ્રેટ વ કલેક્ટર મોડાસા શહેરના રાણાસૈયદ ત્રણ રસ્તાથી હજીરા વિસ્તાર, ખલીકપુર-સહયોગ ચોકડીથી ચાર રસ્તા તેમજ મેઘરજ ચોકડી બાયપાસથી મોડાસા ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગો પર સવાર ૫ વાગ્યાથી રાત્રીના ૧૧ સુધીના સમયે ભારે વાહનો પર પ્રવેશ પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં શહેરના ત્રણેય માર્ગો પર રાત્રીના ૮ વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધી ભારે વાહનો બેફામગતિએ પસાર થઈ રહ્યા છે. જીલ્લા ટ્રાફિક પોલીસતંત્રની નબળી કામગીરીથી જિલ્લા કલેકટરના જાહેરનામાનો સરેઆમ ઉલ્લંઘન થતા જાહેરનામુ માત્ર જાહેરાત બનીને રહી ગયું છે. અગાઉ પણ જીલ્લા કલેક્ટરના ભારે વાહન પ્રવેશબંધીના જાહેરનામાના ધજીયા ઉડાડતી ઘટનાઓ જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લાનુ વડુમથક અને આરોગ્ય નગરની અને શૈક્ષણિક નગરી તરીકે સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોડાસા શહેર ખુબ જ જાણીતુ છે. મોડાસા શહેર જુનવાણી બાંધણી ગીચ વસ્તી ધરાવતુ હોવાથી ટ્રાફિકની સમસ્યા શહેરીજનો અને જિલ્લાની જનતા વિવિધ કામકાજ માટે આવતી હોવાથી જિલ્લાવાસીઓ અને ટુ વ્હીલર અને નાના વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બની રહી છે. મોડાસા શહેર દિલ્હીથી મુંબઈ જતા ભારે વાહનચાલકો માટે સોર્ટકટ હોવાથી ગોધરા-નડિયાદ થઈ મુંબઈ અને દક્ષિણ રાજ્યો તરફ માલવાહન કરતા વાહનચાલકો મોટેભાગે અહીંથી પસાર થતા હોય છે. મોડાસા શહેરની બહાર બાયપાસ રોડ બનાવવા છતા ભારે વાહનચાલકો મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર બેફામ ગતિએથી પસાર થતા હોવાથી શહેરીજનો અને જિલ્લાના કામકાજ અર્થે આવનાર લોકો માટે અકસ્માત સર્જાવાનો ભય રહેલો હોવાથી અને શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકજામના દ્રશ્યોનું નિર્માણ ન થાય તે માટે જીલ્લા કલેક્ટર દ્વારા સવારના ૮ કલાકથી રાત્રીના ૧૧ કલાક સુધી પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. પરંતુ કલેક્ટરના જાહેરનામાના અમલવારી કરવામાં નગરપાલિકા ટ્રાફિક તંત્ર અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા આંખ આડ કાન કરવામાં આવતા હોય તે રીતે ભારે વાહનોને શહેરના મુખ્યમાર્ગો પર પ્રવેશતા અટકાવવામાં નબળા સાબિત થઈ રહ્યા છે. મોડાસા શહેરમાં અગાઉ પણ જિલ્લા કલેક્ટર દ્વારા ટ્રાફિકની સમસ્યા નિવારવા અનેકવાર જાહેરનામા પ્રસિદ્ધ કર્યા હોવા છતાં જાહેરનામાની પ્રસિદ્ધિ ફક્ત કાગળ પર જ સીમીત રહી ગઈ હોય તેવી સ્થીતી વર્ષોથી જોવા મળી રહી છે. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા નવા બહાર પડાયેલા જાહેરનામાનો સખ્તાઈપૂર્વક અમલ થાય છે કે નહિ તે જોવુ રહ્યું.



# ઈન્ડિયા હેલ્થલાઈન ગુજરાત એકમ રવિવારના દિવસે શરૂ

અમદાવાદ,તા.૧૩

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રવિવારના રોજ ઈન્ડિયા હેલ્થલાઈન ગુજરાત એકમનો આરંભ કરવામાં આવશે.આ હેલ્થલાઈનનો મુખ્ય હેતુ જરૂરવાળા દર્દી અને નિષ્ણાત તબીબો વચ્ચે સેતુ બનાવવાનો છે.દેશભરમાં કાર્યરત એક લાખ જેટલા તબીબોને આ સેવામાં જોડવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.આ અંગે માહિતી આપતા વિહિપ ગુજરાતના ડો.કૌશિક મહેતાએ જણાવ્યું છે કે,વિ.હિ.પ.ના આંતરાષ્ટ્રીય અધ્યક્ષ ડો.પ્રવિણ તોગડીયા દ્વારા ૧૫મી મેના રોજ ગુજરાત એકમનો આરંભ કરાવવામાં આવશે.આ હેલ્પલાઈનની વિશેષતા એ રહેશે કે,જે દર્દી હેલ્પલાઈનનો સંપર્ક કરશે તેને સ્થાનિક નિષ્ણાત તબીબની માહિતી આપવામાં આવશે.બીજી બાજુ તબીબને પણ દર્દી વિશે માહિતી આપવામાં આવશે.જે તેને વિનામૂલ્યે તપાસશે.અત્યારસુધીમાં દેશભરમાં ૬૦૦૦થી વધુ નિષ્ણાત તબીબો આ હેલ્પલાઈન સાથે જોડાયા છે.આગામી સમયમાં ૫૦,૦૦૦ થી વધુ તબીબોને આ સેવા સાથે જોડવામાં આવશે.હેલ્પલાઈનમાં યુવાનોને નિષ્ણાત તબીબો દ્વારા હેલ્થ એમ્બેસેડરની તાલીમ આપવામાં આવશે.જેના દ્વારા અલગ-અલગ સ્થળોએ શિબિરનું આયોજન કરીને બી.પી.હીમોગ્લોબિન,વગેરેની તપાસ કરી આપવામાં આવશે.અત્યારસુધીમાં ૩૦ જેટલા સ્થળોએ ૪૫૦૦ જેટલા હેલ્થ એમ્બેસેડર તૈયાર કરવામાં આવ્યા છે.પહેલા ફેઈઝમાં આવા એકલાખ એમ્બેસેડર તૈયાર કરવામાં આવશે. રાજ્યમાં ચાર કેમ્પમાં ૧૭૦૦ જેટલા લોકોની વિનામૂલ્યે ચકાસણી કરવામાં આવી છે.શહેરના શાસ્ત્રીનગર ખાતે રવિવારે ડો.તોગડીયા ઉપરાંત ડો.બ્રિજેન ચોકસી અને અન્ય તબીબોની હાજરીમાં આ હેલ્પલાઈનને કાર્યરત કરવામાં આવશે.



**પુજાપુર ગામે રામેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ**

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પુજાપુર ગામે રામેશ્વર મહાદેવ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ધામધૂમથી ઉજવાઈ હતી. યજ્ઞના આચાર્યપદે ઈસરીના વિનોદચંદ્ર રાવલે પૂજન-જલયાત્રા વગેરે ધાર્મિક વિધિ ત્રણ દિવસ સુધી કરી હતી. આખા ગામના ભાવિકોએ જમીન દાન-મૂર્તિઓ-કલરકામ-માર્બલ-ભોજન વગેરે માટે સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે છાલા-હાલીસા-વાસણા-ઉમેદપુર ગામના ચૌધરી પટેલ ભાઈઓએ પણ સારો સહકાર આપ્યો હતો. આજુબાજુના ગામના અગ્રણીઓ-સરપંચ ડેલીગેટ-તાલુકા પ્રમુખ વગેરેએ ઉપસ્થિત રહીને ગામની એકતાના દર્શન કર્યા હતા. મંદિર નિર્માણ થતા દરરોજ દર્શન કરવાનો લ્હાવો મળતા સૌ આનંદિત થયા હતા.

# અમદાવાદ : હવે ગરમીનો પારો ૪૬ સુધી પહોંચી શકે

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પારો સતત વધઈ રહ્યો છે અને આગામી પાંચ દિવસ સુધી કોઈપણ રાહત મળવાની શકયતા દેખાઈ રહી નથી. અમદાવાદમાં પારો ૪૬ની સપાટી સુધી પણ પહોંચી શકે છે. આનો મતલબ એ થયો કે હાલમાં કોઈપણ રાહત મળી શકશે નહીં. હવામાન વિભાગ મુજબ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૧૫મીએ ૪૫ સુધી પહોંચી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ચાર દિવસો દરમિયાન તાપમાનનો પારો વધુ ઉંચે જઈ શકે છે તેને લઈને સાવધાનીના પગલા લીધા છે. કેટલીક જગ્યાઓએ પરબો પણ મુકવામાં આવી છે. બીજી બાજુ સાવચેતીના અન્ય પગલાઓ પણ લેવામાં આવ્યા છે. એક તરફ સતત વધી રહેલી ગરમીની વચ્ચે શહેરમાં અનેક વિસ્તારો એવા છે કે,જયાં લારીઓ કે ખુમચાની મદદથી લોકોને દસ રૂપિયાની કીંમતમાં સિકંજી કે પેપ્સીકોલા જેવા બિન આરોગ્યપ્રદ પીણાં વેચવામાં આવી રહ્યા છે અને લોકો પણ આ પ્રકારના પીણાં પીને વિવિધ રોગનો ભોગ બની રહ્યા છે. બીજી બાજુ ખુલ્લામાં અને બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિમાં વેચવામાં આવી રહેલાં સિકંજી, પેપ્સીકોલા કે પછી તરબૂચ, કાકડી, તાડફળી વગેરે વેચવાવાળા સામે શા માટે કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી? તેવી ફરિયાદ ઉઠી રહી છે.

## દબાણો હટાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગ્યામાં પણ દબાણોએ અડીંગો જમાવ્યો છે. હરિયાળા વૃક્ષોની છાંયમાં ઝુંપડાના દબાણો તેમજ લારી ગલ્લાઓની કતાર જોવા મળે છે. ત્યારે વન તંત્ર દ્વારા આ જગ્યાને દબાણ મુકત કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. વન વિભાગ દ્વારા અઠવાડીયામાં બે વાર સતત દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત સપ્તાહ દરમિયાન પણ વન તંત્ર દ્વારા લારી ગલ્લાના દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે આજે પણ શહેરના રોડનં-૬ પર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

## મામલતદાર બદલાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાહની કલેક્ટર કચેરીમાં ડિઝાસ્ટર મામલતદારની ખાલી જગ્યા પર નિમણુંક કરવામાં આવી છે.

મહેસુલ વિભાગ દ્વારા બદલી બઢતી અંગેની કવાયત છેલ્લા એક સપ્તાહથી તેજ બની હતી. આજે આ હૂકમો જારી કરવામાં આવ્યા હતા. હવે મામલતદારમાંથી ડે. કલેક્ટર અને ડે. કલેક્ટરોમાંથી એડી. કલેક્ટર તેમજ ડે. કલેક્ટરોની બદલીના હૂકમો પણ આ માસના અંત સુધીમાં કરી દેવાય તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

## પ્રજ્ઞાને ક્લીનચીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતે થયેલા બ્લાસ્ટમાં આરોપી તરીકે લેફટી કર્નલ પ્રસાદ શ્રીકાંત પુરોહિત સહિત ૧૪ લોકોની યાદી એનઆઈએ દ્વારા તૈયાર કરાઈ હતી. આ બ્લાસ્ટમાં સાત લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. બે બોંબ મોટરસાઈકલ ઉપર પ્લાન્ટ કરવામાં આવ્યા હતા જે બ્લાસ્ટ થતાં સાતના મોત થયા હતા. શરૂઆતમાં આ મામલામાં તપાસ મહારાષ્ટ્ર એન્ટી ટેરેરિઝમ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવી હતી. મોડેથી આ મામલાની તપાસ એનઆઈએને સોંપાઈ હતી. બ્લાસ્ટના સંદર્ભમાં પુરોહિત ઉપરાંત પ્રજ્ઞા, શિવનારાયણ, શ્યામ સાહૂ, રમેશ ઉપાધ્યાય, સમીર કુલકર્ણી, અજય, રાકેશ ભાવડા, જગદીશ મહાત્રે સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને પ્રવિણની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૦૭માં સમજોતા ટ્રેન બ્લાસ્ટમાં આરોપી રહેલા રામચંદ્ર અને સંદીપને ભાગેડુ જાહેર કરાયા હતા. માલેગાંવ ૨૦૦૮ના બ્લાસ્ટને લઈને ભારે હોબાળો દેશભરમાં થયો હતો. ૨૦૧૧માં આ કેસમાં તપાસ એનઆઈએને સોંપવામાં આવી તે પહેલા મહારાષ્ટ્ર એટીએસ દ્વારા ૧૬ લોકો સામે કેસ દાખલ કરાયો હતો પરંતુ ચાર્જશીટ ૧૪ લોકો સામે ૨૦મી જાન્યુઆરી ૨૦૦૯ અને ૨૧મી એપ્રિલ ૨૦૧૧ના દિવસે દાખલ કરાઈ હતી.

## વિક્રમી ગરમી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે કોઈ સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ દેખાયા હતા. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે. અમદાવાદના મેયરના નેતૃત્વમાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કામ કરતી એનજીઓ સામાજીક સંસ્થાઓ સાથે મીટીંગ યોજવામાં આવી રહી છે. તીવ્ર ગરમી વધી જતાં ઈમરજન્સીના કેસોમાં પણ એકાએક વધારો થયો છે. બેભાન થવાના અને અને ઝાડા ઉલ્ટીના કેસો વધી ગયા છે. બપોરના ગાળામાં લમણા શેકી નાંખે તેવી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું હતું. જો કે, જરૂરી કામ માટે બહાર નિકળેલા લોકોએ સાવચેતી રાખી હતી. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી. ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવા માટે હાલમાં નિષ્ણાત તબીબોની પણ સૂચના છે. ખાસ કરીને બાળકો અને મોટી વયના લોકો માટે સૂચના જારી કરવામાં આવી ચુકી છે. વધારે પ્રમાણમાં પાણી અને પ્રવાહીનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. તીવ્ર ગરમી વચ્ચે બિનજરૂરી બહાર નિકળવાનું લોકોએ ટાળ્યું હતું.

## ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

ભોગવે છે અને તેમના શ્રીમાત ધણીઓની શ્રીમતી ફલાણી તરીકે ઓળખાવવામાં આનંદ અને ગર્વ માને છે. એટલે સૈદ્ધાંતિક ચર્ચાઓમાં કાયદાઓ સંબંધી ક્રાંતિકારી સુધારાઓ માટે સ્ત્રી ભલે મત આપે. પણ જયારે એ મત પ્રમાણે ચાલવાનો અધિકાર આવે ત્યારે તેઓ પોતાની સત્તા અને અધિકારો છોડવાને તૈયાર નથી હોતી. (વધુ આવતાં અંકે)

સંદર્ભ : સ્ત્રીઓનું સ્થાન, ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૨, પૃ.૪)

લેખક : ગુજરાત કૉલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## શૌચાલય છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ૬૭ ગામોમાં ૧૦૦ ટકાની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્રને સફળતા મળી છે. આગામી દિવસોમાં પણ વધુ સઘન મોનીટરીંગ કરી આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી પહેલાં જિલ્લાના તમામ ગામો ૧૦૦ ટકા શૌચાલયોની સુવિધા ધરાવતા હોવાના લક્ષ્યાંક સામે ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં કામગીરી પૂર્ણ થાય તે રીતે હાલ કામગીરીને આગળ ધપાવવામાં આવી રહી છે.